DATE:- 28-09-2025
DIVYA BHASKAR, PAGE-1, SURAT

**ભાસ્કર ગ્રાઉન્ડ રિપોર્ટ** સુરતના લાભેશ્વર અને મસ્કતીમાં જમીનની નીચે બનનારા બે મેટ્રો સ્ટેશન એન્જિનિયરિંગનો ઉત્તમ નમૂનો બનશે

# આવું દેશમાં પ્રથમવાર... સુરતમાં જમીનની નીચે બે ડબલ ડેકર સ્ટેશનનું નિર્માણ થઇ રહ્યું છે, અહીં ટ્રેનો સામ-સામેની જગ્યાએ ઉપર-નીચે આવશે

લવકુશ મિશ્રા | સુરત

સુરતના લાભેશ્વર ચોક અને મસ્કતી વિસ્તારમાં બની રહેલા બે ભૂમિગત મેટ્રો સ્ટેશન એન્જિનિયરિંગનો ઉત્તમ નમુનો બનશે. આ બંને સ્ટેશનોને ખુબ જ સાંકડી જગ્યામાં બનાવાઇ રહ્યાં છે. અહીંયા અપ અને ડાઉન લાઇન સામ-સામેની જગ્યાએ ઉપર-નીચે હશે. આવા સ્ટેશનને ડબલ ડેકર સ્ટેશન કહેવામાં આવે છે. જોકે મેટ્રો તંત્રે આ બંને સ્ટેશનોને 'સ્ટેક સ્ટેશન' નામ આપ્યું છે. તેનો અર્થ છે- 'જ્યારે જગ્યાની પહોળાઇ એટલી બધી ઓછી હોય કે અપ અને ડાઉન લાઇનો સામ-સામે બનાવી શકાતી નથી, ત્યારે તેને ઉપર- નીચે એટલે કે સ્ટેક મોડલમાં બનાવાય છે.' આવી રીતની ડિઝાઇન દુર્લભ હોય છે. દેશમાં હજુ સુધી આવું સ્ટેશન માત્ર ચેન્નાઈમાં બનાવાયું છે. અહીં એક સ્ટેશનને આવો આકાર અપાયો છે. આવી રીતે સુરત દેશનું પહેલું શહેર હશે.



▪ આવી હશે મસ્કતી- લાભેશ્વરમાં બનનારા ડબલ ડેકર સ્ટેશનની ડિઝાઇન

▪ જગ્યાની કમીના કારણે આવું બાંધકામ, અહીં ઉપર- નીચે મેટ્રો ટ્રેન આવશે.

## ચાર લેવલમાં હશે લાભેશ્વર અને મસ્કતી સ્ટેશન, અહીં ઉપર- નીચે મેટ્રો ટ્રેનો આવશે

લાભેશ્વર- મસ્કતી સ્ટેશન 4 લેવલમાં હશે. સૌથી ઉપર કોનકોર્સ એરિયા. તેની નીચે ડાઉન લાઇનનું પ્લેટફોર્મ. પછી ટેકનિકલ ઝોન અને સૌથી નીચે અપ લાઇનનું પ્લેટફોર્મ. એટલે કે આ સ્ટેશન પર મેટ્રો ટ્રેનો સામ-સામે નહીં ઉપર-નીચે ચાલશે.

## આવા સ્ટેશનની જરૂરિયાત કેમ પડી?

વાસ્તવમાં સામાન્ય મેટ્રો સ્ટેશનોની પહોળાઇ આશરે 22 મીટર હોય છે. પરંતુ મસ્કતી અને લાભેશ્વરમાં જગ્યા ખુબ જ સાંકડી હોવાને કારણે પહોળાઇ માત્ર 13-17 મીટરની છે. એવામાં મુસાફરોને સુવિધાજનક અનુભવ આપવા માટે સ્ટેશનને ડબલ- ડેકર સ્ટેક મોડલમાં તૈયાર કરવામાં આવી રહ્યાં છે.

## હાવડા પછી બીજું ઊંડુ સ્ટેશન હશે

લાભેશ્વર ચોક સ્ટેશન કુલ 40 મીટરની ઊંડાઇ પર બનાવાઇ રહ્યું છે. તેના અંતિમ તળિયામાં રેલ લેવલ 30 મીટરની ઊંડાઇમાં છે, જે તેને દેશનું બીજું સૌથી ઊંડુ મેટ્રો સ્ટેશન બનાવે છે. સૌથી ઊંડુ સ્ટેશન હજુ પણ પશ્ચિમ બંગાળના હાવડામાં છે. જે 35 મીટર નીચે આવેલું છે.

## અંડરગ્રાઉન્ડ મેટ્રો: 6 કિમીમાં 6 સ્ટેશન



સુરત મેટ્રોને અંડરગ્રાઉન્ડ ભાગ આશરે 6 કિલોમીટર લાંબો છે. જેમાં ચોક બજારથી સુરત સ્ટેશન સુધી 3 કિમી અને સુરત સ્ટેશનથી કાપોદ્રા સુધી 2.8 કિમીનું સેક્શન સામેલ છે. કામ અંતિમ ચરણમાં છે.

▪ **અત્યાર સુધી દેશમાં ચેન્નાઈમાં એક મેટ્રો સ્ટેશનને આવી રીતથી બનાવાયું છે.**

▪ **ચોક બજારથી સુરત સ્ટેશન સુધી અપ લાઇનનું કામ પૂર્ણ થઇ ચુક્યુ છે.**

▪ કાપોદ્રાથી સુરત સ્ટેશન સુધી અપ ડાઉન બંને લાઇનનું કામ પુર્ણ થયું છે.